R5F6U7

સા.વિ., ધોરણ 6 એકમ 9
શર્મા હિરેન કુમાર
પ્રા શાળા વાવડી,ખેડા
9574566503

1. નીચે આપેલા પ્રશ્નોના વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર લખો :

(1) હું સૂર્યથી સૌથી નજીકનો ગ્રહ છું.

(A) પૃથ્વી (B) બુધ (C) શુક્ર (D) નેપ્ચ્યૂન

(2) 0° અક્ષાંશવૃત્ત કયા નામે ઓળખાય છે ?

(A) ગ્રિનિચ (B) કર્કવૃત્ત (C) વિષુવવૃત્ત (D) મકરવૃત્ત

(3) 23.5° ઉ.અ. અને 66.5° ઉ.અ. વચ્ચે કયો કટિબંધ આવેલો છે ?

(A) શીત (B) સમશીતોષ્ણ (C) ઉષ્ણ (D) તમામ

(4) હું મારી ધરી પર 23.5° નો ખૂણો બનાવું છું ?

(A) સૂર્ય (B) ચંદ્ર (C) પૃથ્વી (D) શુક્ર

(5) સૂર્યનો ક્રાંતિવૃત્ત વિષુવવૃત્તને વર્ષમાં કેટલી વાર છેદે છે ?

(A) એક (B) બે (C) ત્રણ (D) ચાર

(6) કોના અંતરાયથી પૃથ્વી પર 'સૂર્યગ્રહણ' જોવા મળે છે ?

(A) ચંદ્ર (B) સૂર્ય (C) પૃથ્વી (D) એક પણ નહિ

2. મને ઓળખો :

(1) મને ભીમકાય ગ્રહ પણ કહે છે. _____

(2) મને ઓળંગતા તારીખ બદલવી પડે. _____

(3) હું 90° દક્ષિણ અક્ષાંશ છું. _____

(4) હું પૃથ્વીની આસપાસ ફરું છું. _____

(5) હું ન હોઉં તો જીવસૃષ્ટિ નાશ પામે. _____

3. નીચેનાં વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો :

(1) ચંદ્ર સ્વયં પ્રકાશિત છે.

(2) નેપ્ચ્યૂન નીલા રંગનો ગ્રહ છે.

(3) પૃથ્વી પર દોરેલી કાલ્પનિક આડી રેખાઓને અક્ષાંશ કહે છે.

(4) 21મી જૂને કર્કવૃત્ત પર શિયાળો હોય છે.

(5) વિષુવવૃત્ત પર ખૂબ જ ઠંડી પડે છે.

(6) 90° ઉત્તર અક્ષાંશ ઉત્તર ધ્રુવ કહેવાય છે.

4. એક વાક્યમાં ઉત્તર આપો :

(1) પૃથ્વીની ગતિઓ કેટલી છે ?

(2) ધ્રુવનો તારો કઈ દિશામાં જોવા મળે છે ?

(3) સૂર્યમંડળનો સૌથી ચમકતો ગ્રહ કયો છે ?

(4) 180° રેખાંશવૃત્ત કયા નામે ઓળખાય છે ?

5. ત્રણ-ચાર વાક્યમાં ઉત્તર આપો :

(1) પૃથ્વી પોતાની ધરી પર ન ફરે તો શું થાય ?

(2) અક્ષાંશવૃત્ત અને રેખાંશવૃત્ત એટલે શું ?

(3) ફેબ્રુઆરી માસમાં ક્યારેક 29 દિવસ હોય છે - વિધાન સમજાવો.

(4) કયા ગ્રહો આંતરિક ગ્રહો તરીકે ઓળખાય છે ?

(5) ઉત્તરાયણ એટલે શું ?

LIVEWORKSHEETS